# બાંધો ન ધારણા તમે મારી ગતિ વિશે, અજવાસનો છું અંશ, ઘણું વિસ્તરી શકું!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

કાનાભાઈનું નામ તો ગામમાં મોટું. એમનું ખોરડું પણ મોભાદાર અને ખેતીવાડી પણ સારી. આખા શિયાણી ગામમાં એમના જેટલી જમીન કોઈનેય નહોતી. જો કે ઘરમાં માત્ર ત્રણ જ જણા -કાના પટેલ પોતે, એમની ઘરવાળી કંકુ અને દીકરો પ્રવીણ એટલે પાંચ લાઈનબંધ ઓરડાવાળું અને મોટામસ ફળિયાવાળું ઘર એમને મોટું પડતું. ભેંસો તો ત્રણ હતી પણ એ તો ગમાણમાં બાંધેલી હોય ને ટ્રેક્ટર ફળિયાના એક ખૂણે પડ્યું હોય, બાકી આખું ફળિયું સૂમસામ લાગે.

“કાના પટેલ,” એક દિવસ બાજુવાળા શામજીભાઈએ કહ્યું, “હવે તમે 40 વરસના થયા, તમારો પ્રવીણ પણ મોટો થયો છે, એને પરણાવી દો તો ઘરમાં વહુ આવે એટલે કંકુભાભીનેય તકલીફ ઓછી ને પછી તો બાળબચ્ચાં થાય એટલે ઘર ભર્યું ભર્યું લાગશે.”

“તમારી વાત સાચી પટેલ,” કાનાભાઈ બોલ્યા, “પણ, પવલો હજી 15 વરહનો થીયો, થોડો મોટો થવા દો, પછી વાત.” શામજીભાઈ વધારે આગ્રહ કરી ના શક્યા એટલે ચ્હા પીને એ ઘેર ગયા.


આમ એક વરસ તો પસાર થઈ ગયું અને એક વરસ પછી જે ઘટના બની, એણે આખા ઘરને રફેદફે કરી નાખ્યું. વાત એમ બની કે કાનાભાઈ ખેતરે ગયા હતા ને કંકુ એમને ભાત દેવા ખેતરે ગઈ. એનું ધ્યાન ન રહ્યું ને શેઢા પરથી ખેતરમાં ઊતરતા સંતાઈને બેઠેલા કાળા નાગે એને ડંખ મારી દીધો. બૂમાબૂમ થઈ ગઈ. કામ કરનાર, કાના પટેલ, આજુબાજુના ખેતરવાળા, બધાં દોડી આવ્યા. નાગને તો ત્યાં જ પૂરો કરી નાખ્યો પણ કંકુને લીંબડી દવાખાને લઈ જતા રસ્તામાં જ એ અવસાન પામી!

કંકુના અવસાન પછી કાના પટેલ સૂનમૂન થઈ ગયા. થોડા દિવસ તો આડોશી-પાડોશીઓએ રોટલા પહોંચાડ્યા પછી એમની દૂરની સાળી લક્ષ્મીને એમણે બોલાવી લીધી એટલે ખાવાનું તો બરાબર ચાલ્યું પણ કાના પટેલનો માંહ્યલો હજીય- કંકુને ઝંખતો હતો! ધીમે ધીમે એમણે સ્વસ્થતા મેળવી લીધી. વરસ-બે વરસ પસાર થયાં ત્યારે એ પાછા અસલ કાના પટેલ બની ગયા. કંકુ પટલાણીના અવસાનને ત્રીજું વરસ પૂરું થયું ત્યારે ફરી શામજીભાઈ એમના ઘેર આવ્યા ને પ્રવીણના લગ્નની વાત છેડી.

“કાના પટેલ,” શામજીભાઈએ કહ્યું, “હવે તો પ્રવીણનું કૈંક કરો, આ તમારી સાળી લક્ષ્મી બિચારી ક્યાં સુધી તમારા ઘરના રોટલા ટીપશે? એ તો વિધવા છે એટલે એનું બીજું કોઈ નથી પણ ઘરની વહુ હોય તો એને કોઈ નો પહોંચે.” “હવે વિચારીએ,”કાનાભાઈ બોલ્યા, “આમેય કંકુને ગયે ત્રણ વરસ તો થયાં એટલે સારો પ્રસંગ કરવામાં કોઈ વાંધો નથી.” “કાના પટેલ,”શામજીભાઈ હસ્યા, “સારો પ્રસંગ તો હજી તમારોય થાય એવો છે, તમે હજી 43 વરસના જ છો પણ એ જાવા ઘો, દીકરા માટે કૈંક કરો.” “શામજીભાઈ,”કાનાભાઈ બોલ્યા, “તમારો વહેવાર મોટો છે એટલે તમે જ પવલા માટે સારી કન્યા શોધી કાઢો, બીજું શું?” “વાહ મારા ભૈ,” શામજી પટેલ બોલ્યા, “હવે સાચી વાત કરી. હું કાલથી જ તપાસ શરૂ કરીશ, આવતા અઠવાડિયામાં તો તમને સરસ કન્યા શોધી દઈશ પ્રવીણ માટે ને આ ચૈતર મહિનો આવે છે, એમાં લગ્ન પણ લેવાઈ જશે.” કાના પટેલ ખુશ થઈ ગયા. શામજીભાઈના ગયા પછી એમણે બોલેલું પેલું વાક્ય વારંવાર એમના મનના સૂકા ખેતરમાં પડઘાતું રહ્યું-“સારો પ્રસંગ તો હજી તમારોય થાય એવો છે!”

એ રાતે એમને બરાબર ઊંઘ ન આવી. જો કે બીજા દિવસે તો એમણે શામજીભાઈના વાક્યને મનોખેતરમાંથી નિંદામણ માનીને વાઢી પણ નાખ્યું ! શામજીભાઈને તો નવરા બેઠા’તા ને કામ મળી ગયું. એમણે બાઈક લઈને આજુબાજુનાં ગામડાં ઘમરોળવા શરૂ કર્યાં. લગભગ ચારેક ગામ એમણે એ અઠવાડિયામાં ખૂંદી નાખ્યા. પછીના અઠવાડિયે એ નજીકના રંગપુર ગામે એક કન્યા છે એવા સમાચાર મળતા ત્યાં પહોંચી ગયા. રંગપુરમાં એમના સંબંધી વશરામ પટેલના ઘર પાસે શેરીમાં હજી એમણે બાઈક સ્ટેન્ડ કરી જ હતી, ત્યાં વશરામભાઈ બારણે આવ્યા. “એ આવો આવો શામજી પટેલ,”વશરામભાઈ એમને ભેટીને બોલ્યા, “રામ રામ” “રામ રામ વશરામભાઈ,” શામજીભાઈ બોલ્યા, “મઝામાંને બધા?”

“હાકલામાં,” વશરામભાઈ બોલ્યા, “લ્યો, હાલો હવે અંદર.” બન્ને ઘરમાં ગયા ને ફળિયામાં ઢાળેલા ખાટલા પર બેઠા. “વશરામભાઈ,” શામજીભાઈ બોલ્યા, “તમારા ગામમાં માવજી પટેલ છે, એમની એક જુવાન દીકરી છે, એના માટે હું આવ્યો છું. મારા પાડોશી કાનાભાઈના દીકરા પ્રવીણ માટે હું તપાસ કરવા આવ્યો છું. બોલો, તમે માવજી પટેલને ઓળખો છો?” “લ્યો કરો વાત,” વશરામભાઈ હસ્યા, “અલ્યા, આ ગામમાં એવું કોણ હશે જેને હું ઓળખતો નહીં હોઉં? અરે, બધી શેરીનાં કૂતરાંઓનેય હું તો ઓળખું છું!” શામજીભાઈ હસી પડ્યા ને ચા આપવા આવેલા વશરામભાઈનાં વહુ પણ હસી પડ્યાં પણ છણકાભરી નજર વશરામભાઈ તરફ ફેંકી એ રસોઈમાં ગયાં. “શામજીભાઈ,” વશરામભાઈ બોલ્યા,



“માવજી પટેલ તો ત્રણ વરસ પહેલાં દેવલોક થઈ ગયા પણ એમનાં ઘરવાળા લીલા પટલાણી છે. એમની દીકરી રૂપા પણ હાડેતી છે. સંસ્કારી છે. દેખાવમાં તો એ એની મા જેવી રૂપાળી છે. આપણું કહ્યું માને પણ ખરા.”

“તો દાણો દાબી જોવો,” શામજીભાઈ બોલ્યા, “એમની ઈચ્છા હોય તો મને કહેવડાવજો, અમે કાનાભાઈને ને એમના દીકરા પ્રવીણને લઈને કન્યા જોવા આવીશું.”

“અરે,” વશરામભાઈ બોલ્યા, “હું આજકાલમાં જ એમને વાત કરી દઈશ. આમ તો મારી ઈચ્છા મારા દીકરા હેમુ માટે જ ત્યાં માગું નાખવાની હતી, રૂપા ને હેમુ ધંધુકા કોલેજમાં ભણેલાય હારે હારે પણ તમે વહેલા આવી ગયા તો હવે કાનાભાઈના દીકરા માટે હું વાત નાખીશ. તમને બેચાર દિવસમાં જ સમાચાર મળી જશે.”

**હવે તો પ્રવીણનું કૈંક કરો, આ તમારી સાળી લક્ષ્મી બિચારી ક્યાં સુધી તમારા ઘરના રોટલા ટીપશે? એ તો વિધવા છે એટલે એનું બીજું કોઈ નથી પણ ઘરની વહુ હોય તો એને કોઈ નો પહોંચે**

શામજીભાઈ રજા લઈને વિદાય થયા ને એમણે ઘેર જઈને બાઈક મૂકીને સીધી કાનાભાઈના ઘરની વાટ પકડી. ‘‘કાનાભાઈ,”શામજીભાઈ બોલ્યા, “હું તો ચાર-પાંચ ગામ ફર્યો પણ આજે રંગપુરમાં મને એક સરસ ઠેકાણું મળ્યું. માવજી પટેલની દીકરી રૂપા સંસ્કારી છે, ભણેલી છે ને રૂપાળીય છે. મેં વશરામભાઈને કહ્યું છે કે, તમે એમને પૂછીને કહેવડાવો તો એમનો જવાબ આવે એટલે આપણે રંગપુર દીકરીને જોઈ આવીએ. બરાબર ને?”

“તમે કરો એ બરાબર જ હોય શામજીભાઈ,” કાનાભાઈ બોલ્યા, “જેવો જવાબ આવે, એના બીજા જ દિવસે આપણે કન્યા જોઈ આવીએ, જો અનુકૂળ લાગે તો એમને કહીશું કે રૂપિયો ને નાળિયેર આપી જ દે, લગનની વાત પછી આપણે જઈને કરી આવીશું.”

“ભલે,”શામજીભાઈ ઊભા થતા બોલ્યા, “જેવા સમાચાર આવે કે તરત જ હું તમને કહેવા આવી જઈશ.”

જો કે ન જોવી પડી, ત્રીજા દિવસે વશરામ પટેલ પોતે બાઈક લઈને શિયાણી આવ્યા. શામજીભાઈ એમને લઈને કાનાભાઈના ઘેર આવ્યા. વશરામભાઈએ પ્રવીણને જોયો, કાનાભાઈનું ઘર જોયું ને એમની પાસેથી જાણ્યું કે કંકુ પટલાણી પણ ત્રણ વરસ પહેલાં જ અવસાન પામ્યાં.

“મેં લીલા પટલાણીને વાત કરી છે,” વશરામભાઈ બોલ્યા, “ને એમને કશો વાંધો નથી. તમે એક વાર આવીને કન્યા ને એનું ઘર જોઈ જાવ, પછી એ લોકો તમારું ઘર જોઈ લે પછી નક્કી કરી નાખીએ.” “આજે મંગળવાર થયો,”શામજીભાઈ બોલ્યા, “અમે પરમ દિવસે ગુરુવારે રંગપુર આવીશું. હું, પ્રવીણ ને કાનાભાઈ- અમે ત્રણે આવીશું, બરોબર?” “બરોબર પટેલ બરોબર,” વશરામભાઈ બોલ્યા, “તમે સીધા મારા ઘેર આવજો, પછી આપણે લીલા પટલાણીના ઘેર જઈશું.” ત્રીજા દિવસે, ગુરુવારે બે બાઈક લઈને કાનાભાઈ, શામજીભાઈ ને પ્રવીણ રંગપુર જવા નીકળ્યા. પ્રવીણે શિયાણીથી ધંધુકા જતાં ઘણી વાર બહારથી રંગપુર જોએલું પણ આજે પહેલી વાર હડપ્પા સંસ્કૃતિના આ ગામને અંદરથી જોવાનો એને મોકો મળવાનો હતો એ એના રાજીપાનું બીજું કારણ હતું. રાજીપાનું પહેલું કારણ તો રૂપાને જોવાની હતી એ જ હોય ને? વશરામભાઈ રાહ જ જોતા હતા. એમના ઘેર ચાપાણી પતાવીને ચારે જણા ચાલતા નીકળ્યા. લીલા પટલાણીનું મકાન ખાસ દૂર નહોતું. બે શેરીઓ પસાર કરી ત્યાં એમનું ઘર આવી ગયું. જેવા એ લીલા પટલાણીના ઘેર પહોંચ્યા કે લીલા પટલાણી એમને આવકારવા બારણે આવી. “આવો આવો પટેલ,”લીલા પટલાણીના દાડમના દાણા જેવા બત્રીસે દાંત ઝગમગી ઊઠ્યા, “રસ્તામાં કોઈ તકલીફ તો નથી પડી ને?” “ના રે,” શામજીભાઈ બોલ્યા, “શિયાણીથી રંગપુર ક્યાં આઘું છે? અને અહીં તો વશરામભાઈ છે એટલે નિરાંતે અમે આવી ગયા.” બધા રૂમમાં ગોઠવાયા. રૂપાની બે-ત્રણ સખીઓ પણ આવી ગઈ હતી, એ વારાફરતી પ્રવીણને જોઈ ગઈ.“રૂપા દીકરી,”લીલા પટલાણી બોલ્યાં, “ચા લાવજે બેટા.” રૂપા ચા લઈને આવી ને વારાફરતી બધાંને ચાના કપ આપ્યા. જો કે પ્રવીણ ચાના બદલે રૂપાના રૂપરસને આસ્વાદી રહ્યો હતો! “આજે અહીં જમીને જ જવાનું છે પટેલ,” લીલા પટલાણીની અણીયાળી આંખો કાના પટેલ પર નોંધાઈ, “અમારી રૂપાએ રસોઈ બનાવી છે એટલે તમને એના સવાદનીય ખબર પડશે.” હા-ના કરવાનો સવાલ નહોતો એટલે બધાએ કલાકેક પછી જમી લીધું. કાના પટેલને સંતોષ થયો કે રૂપા ખરેખર રસોઈ સરસ બનાવે છે ને એની વર્તણૂક એમને સંસ્કારી લાગી. “પ્રવીણ,”શામજીભાઈ બોલ્યા, “તારે રૂપા હારે કંઈ વાત કરવી હોય તો કહે, તારી ઈચ્છા પૂરી કરીશું.” “મને રૂપા ગમી છે,” પ્રવીણ બોલ્યો, “મારે વાત કરવાની જરૂર નથી, એને વાત કરવી હોય તો હું તૈયાર છું.” “વશરામભાઈ,” લીલા પટલાણી બોલ્યાં, “રૂપાને પણ પ્રવીણ ગમ્યો છે એટલે એ પણ વાત કરવાનું જરૂરી નથી માનતી. હવે અમે કાલે જ તમારું ઘર જોવા આવીશું ને ત્યાં જ રૂપિયો ને નાળિયેર આપીશું.” ત્રણે જણા રંગપુરથી પાછા આવ્યા, ને બીજા દિવસે રૂપા, લીલા અને વશરામભાઈ છકડામાં શિયાણી આવી પહોંચ્યાં. એમને ઘર ગમ્યું. ધંધુકાથી રાજુ મહારાજને શામજીભાઈએ બોલાવી જ રાખ્યા હતા એટલે રૂપિયો ને નાળિયેર આપીને એમણે સગપણની વિધિ પતાવી દીધી. લગનનું મુહૂર્ત ફાગણ સુદ દસમનું એટલે કે બરાબર એક મહિના પછીનું આવતું હતું એ નક્કી પણ થઈ ગયું.

એ દરમ્યાનમાં કાનાભાઈ બે-ત્રણ વખત રૂપાનાં ઘરેણાં માટે ને કપડાં માટે રંગપુર જઈ આવ્યા. પ્રવીણ પણ ધંધુકા ને સુરેન્દ્રનગર જઈને કપડાં ને બીજી વસ્તુઓ લઈ આવ્યો, કંકોતરી છપાઈ, વહેંચાઈ ને લગ્નનો દિવસ પણ આવી ગયો. રાત્રિના લગ્ન હતા એટલે મોડી સાંજે જાન રંગપુર પહોંચી. ધામધૂમથી સામૈયું થયું. વશરામભાઈ આગળ પડતા રહીને બધો વ્યવહાર સાચવતા હતા. જમણવાર પત્યા પછી લગ્નવિધિ શરૂ કરવાની રાજુ મહારાજે હાકલ કરી. લીલા પટલાણીને બોલાવ્યાં પણ લીલા પટલાણી ક્યાંય દેખાતાં નહોતાં! “ક્યાં ગયા હશે?” શામજીભાઈ બોલ્યા, “વિધિનું મુહૂર્ત જતું રહેશે.” ઘણી તપાસ કરી પણ લીલા પટલાણી ન મળ્યાં. “પ્રવીણ,” શામજીભાઈ બોલ્યા, “તારા બાપાને કહે કે, વશરામભાઈને કહીને ઝડપથી કંકુ પટલાણીને બોલાવે એટલે વિધિ શરૂ થાય.” “પણ મારા બાપાય દેખાતા નથી!” પ્રવીણે વીલા મોઢે કહ્યું, “શી ખબર ખરા ટાંકણે જ એ ક્યાં ગયા?” “હમણાં આવશે,”શામજીભાઈ બોલ્યા, “રાજુ મહારાજ, તમે કન્યાને બોલાવીને વિધિ તો ચાલુ કરાવી દો.” રાજુ મહારાજે કન્યાને પધરાવવાની બૂમ પાડી પણ કન્યાની બે-ત્રણ બહેનપણીઓ દોડતી આવી. “મહારાજ,” એક બહેનપણી બોલી, “રૂપા તો એની રૂમમાં પણ નથી ને અમે આખું ઘર જોયું પણ એ ઘરમાં પણ નથી !”મંડપમાં સ્તબ્ધતા છવાઈ ગઈ! ત્રણ ત્રણ માણસો આ રીતે ગુમ થાય એ અચરજ આખા ગામમાં ફેલાયું. એ ક્યાં ગયા હશે એની ધારણા કોઈ બાંધી શકતું નહોતું. “હું બધે તપાસ કરતો આવું,” કહીને વશરામ પટેલ બહાર ગયા. બાઈક લઈને એ પાદરની નજીકના ખેતર પાસે ગયા. રૂપા ને હેમુ ત્યાં એક ટેક્સી પાસે ઊભા હતા! “હવે તમે બન્ને જલ્દી નીકળો,” વશરામ પટેલ બોલ્યા, “ને સવારે ધંધુકા કોર્ટમાં લગ્ન કરી નાખજો. લીલા પટલાણીને આ બધા માટે મેં માંડ સમજાવ્યા છે. એ કાના પટેલને લઈને સવારે અમદાવાદ પહોંચી જશે ને ત્યાં કોર્ટમાં લગ્ન કરી નાખશે, હવે હું જાઉં છું પાછો.”

વશરામ પટેલ ઢીલા મોઢે પાછા આવ્યા ત્યારે માંડવામાં ગણગણાટ હતો- રૂપા વશરામભાઈના દીકરા હેમુ હારે ભાગી ગઈ ને લીલા પટલાણી એમના વેવાઈ કાના પટેલ હારે ભાગી ગયા!

(શીર્ષકપંક્તિઃ શબનમ ખોજા)